મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૧૮-૧૨-૨૦૨૪
બુધવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૫૭
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.3-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગણીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

## ભાજપના આપેલા ચાર મેન્ડેડ પૈકી એક માત્ર ઉમેદવારની જીત થઈ, જ્યારે ત્રણ બેઠક પર અપક્ષોની ભવ્ય જીત થઈ

# ઊંઝા એપીએમસી ચૂંટણીમાં પૂર્વ ચેરમેન દિનેશ પટેલની પેનલ વિજય ભવ : ધારાસભ્ય કિરીટ પટેલ અને નારણ લલ્લુના પૌત્રની હાર થઈ








(ગરવી તાકાત) મહેસાણા તા.૧૭

ઊંઝા APMCની ચૂંટણીને લઈ ભારે રસાકસી જોવા મળી રહી હતી. કુલ ૧૪ બેઠક માટે ૩૬ ઉમેદવાર ચૂંટણી જંગમાં હતા. આજે સવારે ૯ વાગે મતગણતરી શરૂ થઈ હતી. ખેડૂત વિભાગની મતગણતરીના અંતે ભાજપે મેન્ડેટ આપેલા ૧૦માંથી ૫ ઉમેદવારોની કારમી હાર થઈ હતી. જેમાં ખેડૂત વિભાગની પેનલમાં પૂર્વ ચેરમેન દિનેશ પટેલની પેનલના તમામ ઉમેદવારોની શાનદાર જીત થઈ હતી અને ધારાસભ્ય કિરીટ પટેલની પેનલના તમામ ઉમેદવારોની હાર થઈ હતી. આ સાથે નારણ લલ્લુના પૌત્ર સુપ્રીત પટેલની પણ હાર થઈ છે.

ઊંઝા એપીએમસીની ચૂંટણીને લઈ આજે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં પ્રથમ ખેડૂત વિભાગની મતગણતરી દરમિયાન પૂર્વ ચેરમેન દિનેશભાઈ પટેલની પેનલની શાનદાર જીત થવા પામી હતી. જ્યારે વેપારી વિભાગની મતગણતરી ૩૨ રાઉન્ડમાં પૂર્ણ થઈ હતી. જેમાં ભાજપના વેપારી વિભાગમાં આપેલા ચાર મેન્ડેડ પૈકી એક માત્ર ઉમેદવારની જીત થઈ હતી. જ્યારે ત્રણ બેઠક પર અપક્ષોની ભવ્ય જીત થઈ હતી.

ઊંઝા એપીએમસીની ચૂટણીમાં વેપારી વિભાગની ૪ બેઠક માટે ૧૬ ઉમેદવારએ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હતું. જેમાં ભાજપ દ્વારા ચાર ઉમેદવારને મેન્ડેડ આપવામાં આવ્યું હતું. આજે મતગણતરી દરમિયાન પ્રથમ ૯ રાઉન્ડથી અપક્ષોનો દબદબો યથાવત રહ્યો હતો. જેમાં ૩૨ રાઉન્ડના અંતે પરીણામ જાહેર થતાં ભાજપના એકમાત્ર ઉમેદવાર વિજયી બન્યા હતા. જ્યારે ત્રણ અપક્ષએ બાજી મારી હતી. ઊંઝા એપીએમસીની ચૂટણીમાં ભાજપે આપેલા મેન્ડેડવાળા ઉમેદવારોનો કારમો પરાજય થયો છે. સહકારી ક્ષેત્રમાં ભાજપનો મેન્ડેડ આપવાની ભૂલ ભાજપને ભારે પડી હોવાનું વેપારીઓમાં ચર્ચાઈ રહ્યું છે.

ઊંઝા એપીએમસીની ચૂંટણીમાં વેપારી વિભાગની મતગણતરીના નવ રાઉન્ડ પૂર્ણ થયા છે. જેમાં ત્રણ અપક્ષ અને એક ભાજપનો ઉમેદવાર આગળ છે. વેપારી વિભાગમાં પણ હાલ અપક્ષનો દબદબો યથાવત જોવા મળી રહ્યો છે. ભાજપે મેન્ડેડ આપેલ ચાર વેપારી ઉમેદવાર હજુ પાછળ ચાલી રહ્યાં છે.

ભાજપે મેન્ડેટ આપેલા ૫ સભ્યો અને અન્ય ૫ અપક્ષ ઉમેદવારો આમ APMCના પૂર્વ ચેરમેન દિનેશ પટેલની પેનલના દસે દસ ઉમેદવારોની ભવ્ય જીત થઈ છે. જેને લઈ તેમના સમર્થકોએ સંકુલ ખાતે ફટાકડા ફોડી વિજયને વધાવ્યો હતો. જોકે વેપારી વિભાગની મતગણતરી હવે શરૂ થશે. ગઈકાલે સોમવારે ખેડૂત વિભાગમાં ૯૮ ટકા અને વેપારી વિભાગમાં ૯૭ ટકા મતદાન થયું હતું.

ઊંઝા એપીએસમીની ચૂંટણીને લઈ આજે ખેડૂત વિભાગની મતગણતરી શરૂ કરવામાં આવી હતી. જેમાં ૧૦ રાઉન્ડમાં મતગણતરી કરાઈ હતી. મતગણતરીની શરૂઆતથી જ પૂર્વ ચેરમેન દિનેશ પટેલની પેનલ આગળ હતી. જેમ જેમ રાઉન્ડ વધતા ગયા તેમ તેમ દિનેશ પટેલની પેનલ આગળ વધતી રહી હતી. જ્યારે છેલ્લા રાઉન્ડમાં પૂર્વ ચેરમેન દિનેશ પટેલની શાનદાર જીત થઈ હતી. જ્યારે ભાજપે મેન્ડેટ આપેલ ૫ પૂર્વ ચેરમેન દિનેશ પટેલની પેનલની જીત થઈ છે. જ્યારે ભાજપ દ્વારા મેન્ડેટ આપવામાં આવેલ અન્ય પાંચ ઉમેદવારોની હાર થઈ છે. અન્ય પાંચ અપક્ષ ઉમેદવાર વિજયી બન્યા છે.

ઊંઝા એપીએમસીની ચૂંટણીમાં ખેડૂત વિભાગના વિજયી ઉમેદવાર બળદેવ પટેલે જણાવ્યું હતું કે, અમે મેન્ડેડ ભાજપ પાસે માંગ્યા હતા. ઉપલા લેવલમાં કેવી મુસીબત હોય એટલે અમને મેન્ડેટ મળ્યા ન હતા. અમારી સેવાઓ સારી હતી. ખેડૂતોની માંગણીઓને લઈ અમે ફોર્મ પાછું ખેચી શકતાં નહોતા. ચેરમેન ખેડૂતનો હોવો જોઈએ અમે ભાજપને વરેલા છીએ.

ઊંઝા એપીએમસીની ચૂંટણીને લઈ કુલ ૧૪ બેઠકો માટે ૩૬ ઉમેદવારો ચૂંટણીજંગમાં છે. ખેડૂત વિભાગમાં ૧૦ બેઠકો માટે ૨૦ અને વેપારી વિભાગમાં ૪ બેઠકો માટે ૧૬ ઉમેદવારો મેદાને છે. કુલ ૧૪ બેઠકો માટે ૧૦૬૬ મતદારો ઉમેદવારોનું ભાવિ ટૂંક સમયમાં નક્કી કરશે. ઊંઝા એપીએમસીની ચૂંટણીને લઈ પરિણામ જાણવા વેપારીઓ અને ખેડૂતોમાં ભારે ઉત્સુકતા જોવા મળી છે. ઊંઝા એપીએમસી સંકુલ બહાર લોકોનાં ટોળે ટોળાં જોવા મળ્યાં હતાં. પરિણામને લઈ કોઈ અનિચ્છનીય ઘટના ના બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

ઊંઝા એપીએમસીની ચૂંટણીમાં ભાજપનાં જ બે જૂથ સામસામે જોવા મળી રહ્યાં છે, જેમાં ઊંઝા એપીએમસીના પૂર્વ ચેરમેન દિનેશ પટેલ અને ઊંઝાના ધારાસભ્ય કિરીટ પટેલ ગ્રુપ વચ્ચે ચૂંટણીજંગ જામ્યો છે. આ ઉપરાંત ઊંઝાના પૂર્વ ધારાસભ્ય નારાયણ પટેલના પૌત્ર સુપ્રીત પટેલ પણ ચૂંટણીજંગમાં જોવા મળી રહ્યા છે. જ્યારે ઊંઝા શહેર ભાજપ મહામંત્રી ડી.જે. પટેલે મેન્ડેટ ના મળતાં છતાં પણ ઉમેદવારી ચાલુ રાખતાં ગઈકાલે ભાજપે શહેર ભાજપ મહામંત્રીપદેથી સસ્પેન્ડ કર્યા હતા.

## બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષે જિલા કલેક્ટર અને ડીડીઓની શુભેચ્છા મુલાકાત લીધી

# મહેસાણા જિલ્લામાં થઈ રહેલી કામગીરી બાબતે જિલ્લા કલેક્ટર સમક્ષ તેમના અભિપ્રાયો અને સૂચનો રજૂ કર્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૭

મહેસાણા જિલ્લાની મુલાકાતે આવેલા ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષશ્રી ધર્મિષ્ઠાબેન ગજરે જિલ્લા કલેકટરશ્રી એમ.નાગરાજન અને અધિક નિવાસી કલેકટરશ્રી જશવંત જેગોડા અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો. હસરત જૈસ્મિનની શુભેચ્છા મુલાકાત લઈને મહેસાણા જિલ્લામાં બાળ અને મહિલા અધિકારીઓ સાથે કરેલી સમીક્ષા બેઠક અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો તેમજ મહેસાણા જિલ્લામાં થઈ રહેલી કામગીરી બાબતે કલેકટરશ્રી



સમક્ષ તેમના અભિપ્રાયો અને સૂચનો રજૂ કર્યા હતા.

આ તકે કલેક્ટરશ્રીએ સ્ટાર્ટઅપ તેમજ બાળકો માટે તૈયાર કરવામાં આવનાર ઈનોવેશન સ્ટાર્ટઅપ કેન્દ્ર વિશે અને આરોગ્ય ક્ષેત્રે ડાયાબિટીસ ટુ ટાઈપના બાળકો માટે ઈન્સ્યુલિન કાર્ટેજ પેન અંગે પણ માહિતી પૂરી પાડી હતી તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી હસરત જૈસ્મિને પૂરક પોષણ માટે જતન પ્રોજેક્ટ તેમજ કોફી વિથ કલેકટર જેવા પ્રોજેક્ટ અંગે પણ માહિતી રજૂ કરી હતી. જે અંગે અધ્યક્ષશ્રીએ ટીમ મહેસાણાને અભિનંદન પાઠવ્યા હતા.

આ મુલાકાતમાં નિવાસી અધિક કલેક્ટરશ્રી જશવંત જેગોડા, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી બીરેનભાઈ પટેલ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી આરતીબેન બોરીચા ઉપસ્થિત રહ્યા હતા.

## આ મામલે કોંગ્રેસના પૂર્વ મંત્રી પાર્થ રાવલ રાવલ દ્વારા મુખ્યમંત્રી, વિપક્ષ નેતા, જીયુડીસી તથા કલેકટરને રજૂઆત કરી

# મહેસાણા મગપરા વિસ્તારની મહાલક્ષ્મી સોસા.માં કોન્ટ્રાકટરની બેદકારીના કારણે ગટર બ્લોક થઈ જતાં રહીશો ભારે પરેશાન

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૭

મહેસાણા મગપરા વિસ્તારની મહાલક્ષ્મી સોસાયટીમા સીસી રોડ બનાવતી વખતે કોન્ટ્રાકટરની બેદરકારીના કારણે અંડરગ્રાઉન્ડ ગટર બ્લોક થઈ જતા રહીશો વારંવાર નગરપાલીકાને પત્રો લખી તેમજ મૌખિક રજૂઆત કરવા છતાં કોઈ નક્કર કામગીરી કરવામાં ન આવતાં રહિશો પરેશાન થઈ ગયા હતા.





આખરે વિસ્તાર ના સક્રિય કોંગી કાર્યકર, પુર્વ મંત્રી મહેસાણા જિલ્લા કોંગ્રેસ તથા પ્રમુખ જનમંચ મહેસાણા શહેર પાર્થ રાવલ એ મુખ્યમંત્રી,વિધાનસભા વિરોધપક્ષ નેતા,જીયુડીસી, કલેકટર સુધી રજૂઆત કર્યા બાદ એક મહિના પેહલા નગરપાલિકા એ સીસી રોડ તોડી ડ્રેનેજ બ્લોકેજ સોધી લાઈન ક્લીયર કરી પણ ફરી રોડ બનાવાનુ ભૂલીજ ગઈ એવો મામલો સામે આવ્યો છે.૩ મહિના પેહલા બનેલો નવો રોડ કોન્ટ્રાક્ટર ની બેદરકારી ના લીધે ગટર બ્લોકેજ થાય છે. ૧ મહિનો રહીશો પરેશાન થાય છે મુખ્યમંત્રીને પત્ર લખ્યા પછી એ નવો બનાવેલો રોડ તોડી બ્લોકેજ દુર કરવા ની કામગિરી કરવા મા આવે છે.બ્લોકેજ ની કામગીરી પુરી થયે એક મહિનો થયો પણ તોડેલો રોડ બનાવા માટે નગરપાલિકા પાસે સમય નથી.પેહલા ન્યુઝ ના અહેવાલ મા નગરપાલિકા ના સુત્રો એ કહેલુ કે કોન્ટ્રાકટર ની બેદરકારી જણાસે તો એ એજન્સી પાસે થી ખર્ચ વસુલ કરસે.

દરમિયાન પાર્થ રાવલે (શહેર પ્રમુખ જનમંચ) એ નગરપાલિકા તથા પ્રમુખ ને પ્રશ્ન પુછ્યો કે હવે આ અડધી મૂંડાયેલી દાઢી માટે પણ શુ અમારે મુખ્યમંત્રી ને પત્ર લખવો પડશે? વેરો ભરતી પ્રજાના નાના નાના પ્રશ્નો માટે જો મુખ્યમંત્રીને પત્રો લખવા પડે તો નગરપાલિકા શુ ખાલી પોતાના મળતિયાઓ માટે ટેન્ડર પાડવા નુજ કામ કરસે બાકીનું કામ મુખ્યમંત્રીજ કરશે? જવાબ માંગતા એમને નગરપાલિકાને પુછ્યુ છે તમે કોન્ટ્રાકટર ઉપર શુ કાર્યવાહી કરી?? ૮૦/૨૦ ના રોડ મા ૨૦% રહીશો એ પણ ભર્યા છે ગુણવત્તા વાળો રોડ બનાવવા તમારા મળતિયા કોન્ટ્રાક્ટરોના ખિસ્સા ભરવા નહી તોડેલો રોડ ફરી કેટલા દિવસ મા બનશે એક મહિનો થયો રોડ તોડે નગરપાલિકા પ્રમુખ ના વાર્ડ ની આ હાલત છે તો મહેસાણા ની જનતા તો ભગવાન ભરોશે જ છે.

## ૨૪ ડિસેમ્બર સુધી કુલ ૧.૩ લાખ લોકોનું સ્કીનીંગ કરાશે

# મહેસાણા જિ.માં રકતપિત્તના દર્દીઓને શોધવા ૧૦૮ ટીમ દ્વારા ૩૫ ગામમાં સર્વેલન્સ કરાશે

મહેસાણા જિલ્લામાં રકતપિત્ત નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત જિલ્લા આરોગ્ય વિભાગની ૧૦૮ ટીમ દ્વારા તા.૧૨ ડિસેમ્બર થી ૭ દિવસ સુધી ગત પાંચ વર્ષમાં રકતપિત્તના કેસો શોધાયેલ હતા તેવા જિલ્લાના કુલ ૩૫ ગામોમાં રકતપિત્તનો સર્વે શરૂ કરવામાં આવ્યો છે.

મહેસાણા જિલ્લા કલેકટર શ્રી એમ.નાગરાજન IAS ના માર્ગદર્શન નીચે જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ.હસરત જૈસ્મીન IAS ના નિદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.મહેશ કાપડીયા તથા જિલ્લા ક્ષય અધિકારી ડૉ.અંજુ પરમાર સહિત આરોગ્ય વિભાગની ટીમ દ્વારા રકતપિત્તના નવા દર્દીઓને શોધવા ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં કુલ ૧૦૮ ટીમ દ્વારા ૨૮,૪૮૭ પરિવારના અંદાજીત ૧.૩૪ લાખથી વધુ લોકોમાં સર્વે કરવામાં આવશે.

જેમાં આશા બહેન, પુરૂષ વોલેન્ટીયરની ટીમ તથા પુરૂષ / સ્ત્રી આરોગ્ય કાર્યકર દ્વારા લોકોનું શારીરિક તપાસ માટે સ્ક્રીનીંગ કરી શંકાસ્પદ દર્દીઓનું તબીબી અધિકારી દ્વારા નિદાન કરાવી ૬ થી ૧૨ માસ માટે રકતપિત્તની સારવાર આપવામાં આવનાર છે.

**જોઈએ છે, કમ્પ્યુટર એન્જીનીઅર (પગાર ૮ થી ૧૦ હજાર)**

મહેસાણા શહેર માટે કમ્પ્યુટર / લેપટોપ / પ્રિન્ટર અને CCTV નું રીપેરીંગ તેમજ સોફ્ટવેર નું કામ કરી શકે તેવા એન્જીનીઅર ની જરૂર છે. ટુ વ્હીલરનું લાયસન્સ હોવું જોઈએ. નીચે આપેલા અમારા સરનામે આપનો CV લઈને રૂબરૂ મળો.

PRAMAY IT Services
Basement B-17, Mahalaxmi Complex,
Nr. Tansihq Jweller, Radhanpur Road,
Mehsana. 384002. • Mo.8905104443




# પાઠ્યપુસ્તકોમાં સમયાનુકૂળ પરિવર્તન જરૂરી

શિ--ક્ષણ પરિવર્તનનું સૌથી મોટું સંવાહક હોય છે. તેમાં જરૂરી પરિવર્તન કર્યા વિના સમૃદ્ધ, સશક્ત, અને આત્મનિર્ભર ભારતની કલ્પના પણ ન કરી શકાય, પરંતુ પરિવર્તનને સ્વીકારવાનું તો દૂર, દુર્ભાગ્યે તેના દરેક ડગલે ભારતની કથિત પ્રગતિશીલ ઉદારવાદી ટોળકી વિવાદ અને હોબાળો મચાવવાનું શરૂ કરી દે છે. તાજો વિવાદ રાષ્ટ્રીય શૈ--ક્ષણિક અનુસંધાન અને પ્રશિ--ક્ષણ પરિષદ એટલે કે એનસીઈઆરટી દ્વારા પાઠ્યપુસ્તકોમાં કરવામાં આવી રહેલા બદલાવ પર ઊભો કરવામાં આવી રહ્યો છે. આ વિવાદ યોગેન્દ્ર યાદવ અને સુહાસ પલ્શીકર દ્વારા પરિષદનાં છ પુસ્તકોમાંથી પોતાનું નામ હટાવવાની માંગ બાદ શરૂ થયો. ત્યારબાદ દેશના ૩૩ અન્ય શિ--ક્ષણવિદોએ પણ એનસીઈઆરટીનાં પુસ્તકોમાંથી પોતાનાં નામ હટાવવાની માંગ કરી અને અભ્યાસક્રમોમાં કરવામાં આવી રહેલા બદલાવ પર વિરોધ વ્યક્ત કર્યો. હવે આ બદલાવના સમર્થનમાં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના અધ્ય--ક્ષ જગદીશ કુમાર સહિત શીર્ષ યુનિવર્સિટીઓના કુલપતિઓ, કેટલીય શિ--ક્ષણ સંસ્થાઓના નિર્દેશકો અને લગભગ ૨૩૯ શિ--ક્ષણવિદોએ સંયુક્ત નિવેદન જારી કરીને કહ્યું છે કે કેટલાક લોકો પોતાના સ્વાર્થ અને બૌદ્ધિક અહંકારમાં પરિષદને બદનામ કરવાની કોશિશ કરી રહ્યા છે તથા અભ્યાસક્રમોને અદ્યતન બનાવવાની પ્રક્રિયામાં જાણીજોઈને અડચણ ઊભી કરી રહ્યા છે.

અભ્યાસક્રમને જ્ઞાનવર્ધક, બોધગમ્ય, સમયાનુકૂળ અને યુક્તિસંગત બનાવી રાખવાના ઉદ્દેશ્યથી એનસીઈઆરટી સમયે સમયે તેમાં જરૂરી પરિવર્તન અને સંશોધન કરતી રહી છે, પરંતુ છેલ્લા ૧૭ વર્ષોથી પાઠ્યપુસ્તકો અને અભ્યાસક્રમોમાં કોઈ મૂળભૂત પરિવર્તન નથી કરવામાં આવ્યું. હા, બાળકો પર અધ્યયન સામગ્રીનો ભાર ઓછો કરવા, વિષયવસ્તુના પુનરાવર્તનથી બચવા અને વ્યાવહારિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખતાં કોવિડ કાળ અને તેના પછી અલગ-અલગ ધોરણોના કેટલાક વિષયોના અભ્યાસક્રમોમાં થોડા પાઠ ઉમેરવામાં કે ઘટાડવામાં અવશ્ય આવ્યા છે. જ્યારે લગભગ દર ૧૫ વર્ષના અંતરે પેઢીઓ બદલાઈ જાય છે ત્યારે શું નવી પેઢીની શિ--ક્ષણ સંબંધી અપે--ક્ષા અને જરૂરિયાતો નહીં બદલાય? શું તેની અભિરુચિઓ અને જરૂરિયાતોને પાઠ્યપુસ્તકોમાં સ્થાન ન મળવું જોઈએ? જ્ઞાન અને માહિતીના પળે-પળે વિસ્ફોટવાળા આજના ટેકનિકલ યુગમાં પાઠ્યપુસ્તકોને યથાવત વેંઢારતા રહેવાની જીદ શું તર્કસંગત કહી શકાય? શું એ સત્ય નથી કે વિના પરિવર્ધન કે પરિવર્તન કોઈપણ વિષય પ્રાસંગિક અને જીવનોપયોગી નહીં રહી શકે? શું એમાં પણ કોઈ બેમત હોઈ શકે છે કે ભારતની યુવા આબાદી માટે આજે મૂલ્યપરક, કૌશલ આધારિત રોજગાર ઉન્મુખ શિ--ક્ષણની ભારે જરૂરિયાત છે? એ જ કારણ છે કે રાષ્ટ્રીય શિ--ક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત છઠ્ઠા ધોરણથી જ વ્યાવસાયિક પ્રશિ--ક્ષણ આપવાની વાત કહેવામાં આવી છે. તેના માટે મિડલ સ્તર પર અઠવાડિયામાં અઢી કલાકનો સમય રાખવાનું કહેવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓના મૂલ્યાંકનમાં પણ વ્યાવહારિક જ્ઞાનનો ભારાંક (વેટેજ) ૭૫ ટકા રાખવામાં આવ્યો છે.

આજે કોર્પોરેટ જગતથી માંડીને મોટાભાગની સંસ્થાઓ એક જ સમયે મલ્ટીટાસ્કિંગ અભ્યર્થીઓને કામ પર રાખવાનું પસંદ કરે છે. તેના માટે રાષ્ટ્રીય શિ--ક્ષણ નીતિમાં બહુવિષયક જ્ઞાન પર ભાર મૂકવામાં આવ્યો છે અને મુખ્ય (કોર)ની સાથે સાથે સહાયક (માઈનર) અભ્યાસક્રમની પસંદગીનો પણ વિકલ્પ રાખવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓમાં સામાજિકતા, સર્જનાત્મકતા, અનુશાસન અને નેતૃત્વ-કૌશલ વગેરેને ઉત્તેજન આપવા માટે પાઠ્ય સહગામી ક્રિયાકલાપો, યોગ અને ખેલકૂદ વગેરેની વિશેષ ભૂમિકા સર્વવિદિત છે. એ ગતિવિધિઓ તેમને તણાવ અને અવસાદથી મુક્ત રાખવામાં સહાયક હોય છે. શું આ લ-યોની પ્રાપ્તિ અભ્યાસક્રમમાં પરિવર્તન કર્યા વિના સંભવ છે?

તંત્રી : પ્રકાશ ચૌધરી

## ડીએએમ કેપિટલ એડવાઇઝર્સ લિમિટેડ તારીખ ૧૯ ડિસેમ્બર,૨૦૨૪ના રોજ મૂડી બજારમાં પ્રવેશશે



(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૭

ડીએએમ કેપિટલ એડવાઇઝર્સ લિમિટેડ ગુરુવાર,૧૯ ડિસેમ્બર,૨૦૨૪ના રોજ તેના આઈપીઓની ઓફરિંગ ખોલવાની દરખાસ્ત કરે છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ સોમવાર, ૨૩ ડિસેમ્બર, ૨૦૨૪ રહેશે. એક્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ બિડ/ઓફર ખૂલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલા એટલે કે બુધવાર, ૧૮ ડિસેમ્બર,૨૦૨૪ રહેશે.ઓફરની પ્રાઇઝ બેન્ડ ઇક્વિટી શેર દીઠ રૂ. ૨૬૯થી રૂ. ૨૮૩ નક્કી કરવામાં આવી છે. બિડ્સ લઘુતમ ૫૩ ઈક્વિટી શેર્સમાં તથા ત્યારબાદ ૫૩ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે.કંપનીના પ્રત્યેક રૂ. ૨ની ફેસ વેલ્યુના ૨,૯૬,૯૦,૯૦૦ સુધીના ઈક્વિટી શેર્સનો આઈપીઓ રજૂ થઈ રહ્યો છે.રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર કરવામાં આવેલા ઈક્વિટી શેર્સ બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા પર લિસ્ટ કરવાની યોજના છે.આ ઓફર સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૩૧ સાથે વાંચતા અને સુધારાયેલા તથા સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન)ના નિયમ ૧૯(૨)(બી)ના સંદર્ભે કરવામાં આવી રહી છે. સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૬(૧)ના સંદર્ભે બુક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા કરવામાં આવી રહેલી આ ઓફરમાં નેટ ઓફરના લઘુત્તમ ૫૦ ટકા પ્રમાણસર ધોરણે ક્વોલિફાઇડ ઇન્સ્ટિટ્યૂશનલ બાયર્સને ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે.નુવામા વેલ્થ મેનેજમેન્ટ લિમિટેડ આ ઓફરના એકમાત્ર બુક રનિંગ લીડ મેનેજર છે.

## 'રિડ્યુસ, રિયુઝ અને રિસાયકલ'નો મંત્ર પ્લાસ્ટિકનાં કચરાને રોકવામાં મદદ કરી શકે

# ગુજરાતમાં દર ૨ મિનિટે એક ટન પ્લાસ્ટિકનો કચરો પેદા થાય છે

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૭

તાજેતરમાં લોકસભામાં રજૂ કરાયેલ ડેટા અનુસાર ગુજરાતમાં ૨૦૨૨-૨૩માં દર બે મિનિટે એક ટન પ્લાસ્ટિક કચરો ઉત્પન્ન થાય છે અને દર કલાકે ૩૧ ટન અને આખરે વાર્ષિક ૨.૭૧ લાખ ટન પ્લાસ્ટિક કચરો ઉત્પન્ન થાય છે. આ આંકડાએ દેશનાં રાજ્યોમાં ગુજરાતને છઠ્ઠા સ્થાને રાખ્યું છે.

તમિલનાડુ, વાર્ષિક ૭.૮૨ લાખ ટન પ્લાસ્ટિક કચરા ઉત્પાદન સાથે ટોચ પર છે, ત્યારબાદ તેલંગાણા ૫.૨૮ લાખ ટન અને દિલ્હી ૪.૦૩ લાખ ટન બીજા અને ત્રીજા સ્થાને છે.

ગુજરાત માટે થોડી સારી બાબતએ છે કે ૨૦૨૧-૨૨ માં ૩.૧૩ની લાખ ટન પ્લાસ્ટિક કચરો પેદા થયો હતો, જ્યારે ૨૦૨૨-૨૩માં તે ૨.૭૧ લાખ ટન થયો હતો. જે વાર્ષિક ૧૩.૫ ટકાનો ઘટાડો દર્શાવે છે.



સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા અગાઉનાં અભ્યાસમાં દર્શાવવામાં આવ્યું હતું કે અમદાવાદ જેવાં શહેરોમાં પેદા થતાં કુલ પ્લાસ્ટિકનાં કચરામાંથી મુખ્ય ૮૮ ટકા હિસ્સો ઉચ્ચ ઘનતા અને ઓછી ઘનતાવાળા પોલિઈથિલિનનો હતો. કોથળીઓ, દૂધનાં પાઉચ, પેકિંગ વસ્તુઓ વગેરે સૌથી વધુ હોય છે અન્ય ઘટકોમાં પોલીપ્રોપીલીન, પીવીસી અને પોલીઈથીલીનનો સમાવેશ થાય છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે કામ કરતાં પર્યાવરણવાદીએ જણાવ્યું હતું કે, ×ઘણી જગ્યાએ કાગળની થેલીઓ સહિતની બેગ કેરી કરવાની વાત આવે ત્યારે પોલિઈથિલિનના અવેજીનો ઉપયોગ કરવા અંગે જાગૃતિ આવી છે. પરંતુ હજુ પણ પ્લાસ્ટિકની થેલીઓ છૂટક ખરીદી પર પ્રભુત્વ ધરાવે છે, પછી ભલે તે શાકભાજી અને ફળો હોય કે નક્કર ચીજવસ્તુઓ હોય.

મુખ્ય મુદ્દો સ્ત્રોત પર અલગતાનો છે. જ્યારે એ વાત સાચી છે કે ઘણાં પ્લાસ્ટિકને રિસાયકલ કરી શકાય છે, ત્યારે અમે મોટાભાગે તમામ કચરાને રિસાયકલ કરી શકીએ છીએ.

નિષ્ણાતોએ ધ્યાન દોર્યું હતું કે, આ ગણતરી દર્શાવે છે કે ગુજરાતમાં વસતી દરેક વ્યક્તિ લગભગ ૪.૨ કિલો પ્લાસ્ટિક કચરો પેદા કરે છે. આ દરરોજ લગભગ ૧૧-૧૨ ગ્રામ અથવા બે પોલિઈથિલિન બેગ જેટલું થાય છે. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે 'રિડ્યુસ, રિયુઝ અને રિસાયકલ'નો મંત્ર એટલે કે પ્લાસ્ટિકનો વપરાશ ઓછો કરવો, ફરીથી વાપરી શકાય તેવા પ્લાસ્ટિકનો ઉપયોગ કરવો અને પ્લાસ્ટિકને રિસાયકલ કરવાથી પ્લાસ્ટિકનાં કચરાને રોકવામાં મદદ કરી શકે છે.

# નેશનલ લોક અદાલતમાં ૭૬૧૪ કેસો નિકાલ કરવામાં આવ્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૭


રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, ન્યુ દિલ્હી, તથા ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદની સૂચના અને માર્ગદર્શન અનુસાર રાજયભરમાં તા. ૧૪/૧૨/૨૦૨૪ ના રોજ નેશનલ લોક અદાલતનું આયોજન હાથ ધરવામાં આવેલ હતુ. જે અનુસંધાને જીલ્લા ન્યાયાધીશ અને અધ્યક્ષશ્રી, જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ શ્રી જે. આર. શાહના સુચના અને માર્ગદર્શન અનુસાર જીલ્લા અદાલત, મહેસાણા




તથા તાલુકા કક્ષાએ તમામ તાલુકા કોર્ટોમાં તારીખ :- ૧૪/૧૨/૨૦૨૪ ના નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ. આ નેશનલ લોક અદાલતમાં સમાધાન પાત્ર ફોજદારી કેસો, મોટર એકસીડન્ટ કલેઈમ પીટીશન, નેગોશીયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટની કલમ-૧૩૮ ના ચેક રીર્ટનના કેસો, દેવા વસુલાતને લગતા દિવાની તકરારના કેસો તથા અન્ય પ્રકારના સમાધાનલાયક કેસોનો નિકાલ કરવામાં આવેલ છે.

આ લોક અદાલતમાં ૯૧ મોટર અકસ્માત વળતરના કેસોનો નિકાલ કરી રૂા. ૭,૫૨,૨૯,૩૭૪/- નો વળતરનો હુકમ કરવામાં આવેલ છે તેમજ નેગોશીયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટની કલમ-૧૩૮ ના ચેક રીર્ટનના ૧૪૯૬ કેસોનો નિકાલ કરવામાં આવેલ છે.

આ નેશનલ લોક અદાલતમાં પક્ષકારો તથા વકીલશ્રીઓના સહયોગથી કુલ રૂા. ૧૭૩૩૫૧૬૨૫/- સમાધાનની રકમ દ્વારા કુલ- ૭૬૧૪ કેસો નિકાલ કરવામાં આવેલ છે. રાજયમાં આ નેશનલ લોક અદાલતને સફળ બનાવવા જીલ્લાના તમામ ન્યાયાધીશશ્રીઓ તથા કર્મચારીભાઈઓ તથા શ્રી એમ. એ. શેખ, ફુલટાઈમ સેક્રેટરી, જીલ્લિા કાનૂની સેવા સત્તા મંડળ, મહેસાણાનાઓએ ખૂબ જ જહેમત ઉઠાવેલ છે.




## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ.લ.ઈ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ દૈનિક વ્યવહારમાં મુશ્કેલી જણાશે. અગત્યના કામકાજમાં સાવધાની રાખવી. કારણ વગરની ચિંતાઓથી દૂર રહો. આવક-જાવક સમાંતર રહેશે.

**વૃષભ (બ.વ.ઉ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ સામાજિક કાર્યોમાં લાભ થશે. પારિવારિક પ્રવૃત્તિથી મન પ્રસન્ન રહેશે. સંતાનોના પ્રશ્નોમાં ચિંતા અનુભવશો. વ્યવસાયમાં સારો લાભ થશે.

**મિથુન (ક.છ.ઘ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ પારિવારિક જીવન સુખમય બનશે. ધંધાને લગતા કામમાં લાભ થશે. વડીલો તરફથી આશીર્વાદ મળશે. ધંધામાં નવી તકો મળશે.

**કર્ક (ડ.હ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ આર્થિક બાબતોમાં લાભ થશે. માનસિક ઉદ્વેગ અનુભવશો. સમજદારીથી કરેલા કામથી લાભ જણાશે. નાના-મોટા રોકાણમાં લાભ થશે.

**સિંહ (મ.ટ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ સાધારણ કામનું બંધન રહેશે. આર્થિક બાબતમાં થોડી તકલીફ થશે. અકારણ ચિંતા નુકસાન કરાવશે. પરિવારમાં સામાન્ય ખટરાગ જણાશે.

**કન્યા (પ.ઠ.ણ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ પરિવારનો સંપૂર્ણ સ્નેહ મેળવશો. ખર્ચના પ્રમાણમાં સાધારણ વધારો જણાશે. નવા રોકાણમાં લાભ જણાશે. દામ્પત્ય જીવનમાં મતભેદ જણાશે.

**તુલા (ર.ત.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ આવકની નવી તકો પ્રાપ્ત થશે. શાસન સત્તાનો સહયોગ મળશે. માનસિક ચંચળતા ઉપર કાબૂ રાખવો. ભાગીદારીવાળા કામમાં સાચવવું.

**વૃશ્ચિક (ન.ય.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ આર્થિક બાબતોમાં સારો લાભ થશે. વાણી દ્વારા સંયમ રાખી કામ કરવું. અકારણ ખર્ચાઓમાં સાવધાની રાખવી. આપના કામમાં યશ મળશે.

**ધન (ભ.ધ.ફ.ઢ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ વ્યક્તિગત કામકાજમાં પ્રગતિ થશે. મહેનતના પ્રમાણમાં સારું ફળ મળશે. પરિવારનો ઉત્તમ સ્નેહ અને સહકાર મળશે. વ્યવસાયિક બાબતોમાં લાભ થશે.

**મકર (ખ.જ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ આર્થિક બાબતોમાં અનુકૂળતા જણાશે. કામના સ્થળે આનંદ મળશે. ભાગ્યોદય માટે ઉત્તમ તકો મળશે. જીવનસાથી-પ્રિયજનનો ઉત્તમ સ્નેહ મળશે.

**કુંભ (ગ.શ.સ.ષ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ સકારાત્મક વિચારો લાભ કરાવશે. પ્રેમ સંબંધોમાં અનુકૂળતા જણાશે. તબિયતની બાબતમાં સાચવીને કામ કરવું. પરિવારમાં સાધારણ ક્લેશ જણાશે.

**મીન (દ.ચ.ઝ.થ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ આર્થિક ક્ષેત્રમાં અનુકૂળતા જણાશે. પરિવારનો સારો સહયોગ મળશે. વ્યવસાયમાં સામાન્ય ચિંતા રહેશે. વિરોધીઓથી સાવધાની રાખવી.

## ફિલ્મી ગપશપ

**કેબીસીમાં સોનાક્ષી રામાયણ અંતર્ગત જવાબ આપી ન શકતા મુકેશ ખન્નાએ સવાલો ઉઠાવેલા**

# સોનાક્ષી સિંહાના ઉછેર મામલે મુકેશ ખન્નાએ સવાલ ઉઠાવતા એક્ટ્રેસનો સણસણતો જવાબ

### આ તો ઉછેરના કારણે જ મૂંગી હતી પણ હવે પછી જો આવું કંઈ બોલ્યા છો તો..: સોનાક્ષી



મુંબઈ તા.૧૭

શત્રુઘ્ન સિંહાની એક્ટ્રેસ પુત્રીએ મુસ્લિમ સાથે લગ્ન કર્યા ત્યારે તેની સામે વિવાદ થયો હતો. તાજેતરમાં એકટર મુકેશ ખન્નાએ સોનાક્ષી સિંહાના ઉછેર પર સવાલ ઉઠાવતા સોનાક્ષી સિંહાએ મુકેશ ખન્નાને સણસણતો જવાબ આપી કહ્યું હતું કે, મારા ઉછેરને કારણે જ હું કંઈ નહોતી બોલી પણ હવે જો મારા ઉછેર પર કંઈ બોલ્યા છો તો...

'શક્તિમાન' ફેમ મુકેશ ખન્નાએ એકવાર સોનાક્ષીએ 'કેબીસી'માં ભગવાન હનુમાન સાથે સંકળાયેલા સવાલનો જવાબ ન આપી શકતા એક્ટ્રેસને ટ્રોલ કરી હતી અને તેના ઉછેરને લઈને પણ સવાલ કર્યા હતા.

ખરેખર તો સોનાક્ષીએ પોતાના ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર લખ્યું હતું કે, મેં હાલમાં જ મુકેશ ખન્નાએ મારા રામાયણ સાથે જોડાયેલા એક સવાલનો જવાબ ન આપવા પર આ બાબતને મારા પિતા શત્રુઘ્નસિંહાની ભૂલ બતાવી હતી. પહેલા તો હું આપને યાદ અપાવી દઉં કે તે સમયે શોમાં હોટ સીટ પર બે મહિલાઓ હતી.

તે પણ તેનો જવાબ નહોતી આપી શકી પણ તમે તો મારું નામ જ લેતા રહ્યા. સોનાક્ષીએ પોતાની ભુલ સ્વીકારી આગળ લખ્યું કે, પણ આપ ભગવાન રામના શિખવેલા પાઠ ભુલી ગયા છો કે આપે કોઈને માફ કરી દેવા જોઈએ. જો ભગવાન રામ મંથરાને માફ કરી શકે છે, કૈકેયીને માફ કરી શકે છે, અરે રાવણને પણ માફ કરી શકે છે તો તમે પણ આ વાતને જવા દીધી હોત.

આનો મતલબ એ નથી કે મારે તમારી માફી માંગવાની છે. ઉલ્લેખનીય છે કે મુકેશ ખન્નાએ ત્યારે કોમેન્ટ કરી હતી કે જો હુ શક્તિમાન હોત તો આજના બાળકોને ઈન્ડિયન કલ્ચર અને સનાતન ધર્મના બારામાં બતાવત, ખબર નહીં, શત્રુઘ્નસિંહાએ પોતાના બાળકોને કેમ આ બધું ના શિખવ્યું.

ગુજરાતમાં એફોર્ડેબલ હાઉસીંગ હવે દૂરની વાત બની રહી છે

# મોંઘા આવાસની અસરઃ હાઉસિંગ લોન લેનાર ઘટયા પણ ધિરાણની રકમ ૩૨% જેટલી વધી

**લોનમાં ૩૨%નો ઘટાડોઃ સરેરાશ પ્રતિ લોન રકમ ૧૧૮% વધીઃ જંત્રીદરની પણ અસર : રીયલ એસ્ટેટ મંદીને પણ કારણ દર્શાવાય છે**



(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૭

દેશમાં હવે એફોર્ડેબલ હાઉસીંગ નહી પણ લકઝરી મોંઘા આવાસોનો નવો ક્રેઝ શરૂ થયો છે અને તેનું સીધું પ્રતિબિંબ હાઉસીંગ લોનના છેલ્લા જાહેર થયેલા આંકડા પરથી જોવા મળે છે. ગુજરાતમાં હાઉસીંગ ફાયનાન્સ માર્કેટમાં આ અંગે એક નવી પેટર્ન જોવા મળી રહી છે.

હાઉસીંગ લોન લેનારનું ચલણ ઘટયું છે પણ લોનની રકમ વધી છે એટલે કે એક તરફ આવાસો મોંઘા થયા છે અને તેની એક વર્ગ માટે ઘરનું ઘર ફરી ‘સ્વપ્ર’ બનવા લાગ્યુ છે તો બીજી તરફ જેઓની કમાણી વધી છે તેઓ મોંઘા આવાસો અને તે રીતે વધુ રકમની હાઉસીંગ લોન લેવા લાગ્યા છે.રાજય સ્તરની બેક્રીંગ કમીટીના આંકડાઓ પરથી એ માહિતી બહાર આવી છે કે જુલાઈ-સપ્ટેમ્બર કવાટરમાં વર્ષના ત્રણ માસમાં હાઉસીંગ લોન લેનારનું પ્રમાણ અગાઉના ત્રણ માસ ૧.૫૮ લાખની સામે આ વર્ષે ૯૫૫૩૨ રહ્યું છે.

આમ લોન લેનાર ઘટયા છે પરંતુ કુલ ચૂકવાયેલ લોનની રકમ ૩૨% વધી છે અને પ્રતિ ગ્રાહક લોન જે અગાઉ રૂા.૬.૮૨ લાખ હતી તેમાં ૧૧૮%નો વધારો થયો છે અને રૂા.૧૪.૯૩ લાખ નોંધાઈ છે. આમ આવાસ મોંઘા બન્યા છે અને લકઝરી આવાસ પ્રત્યેનું લોકોનું આકર્ષણ વધ્યુ છે. આ આંકડા એ પણ દર્શાવે છે કે એક વિશાળ વર્ગને પોસાય શકે તેવા મધ્યમ કિંમતના આવાસો હવે ઉપલબ્ધ નથી અથવા ઓછા છે.

મોંઘા આવાસ ખરીદવાની આ વર્ગની ક્ષમતા નથી તેથી તેઓ માટે ઘરનું ઘર શકય બનતુ નથી. આ ઉપરાંત જે અન-ઈવન એટલે કે એક સમાન આર્થિક વિકાસ થતો નથી તે પણ નિશ્ચિત બની રહ્યું છે. જૂનથી ઓગષ્ટના કવાટરમાં પણ આ જ પ્રકારની સ્થિતિ હતી.હાલ હાઉસીંગ ક્ષેત્રમાં માંગ પણ ધીમી છે તેની અસર પણ આ લોન આંકડાઓ પર પડી છે. જો કે લકઝરી આવાસો બની રહ્યા છે અને તેમાં ગુજરાતના મહાનગરોમાં તે ચિત્ર જોવા મળે છે.હજુ રાજયના હાઉસીંગ ક્ષેત્રમાં નવી જંત્રી જે અમલમાં આવી રહી છે તેની અસર બાકી છે. જો કે આ જંગી શેડયુલ ૨૦૨૩થી અમલી બની જ ગઈ છે પણ જે રીતે અસમજતા જોવા મળી છે તેની સામે રીયલ એસ્ટેટ ઉદ્યોગોએ જે વિરોધ કર્યા છે તે કેટલો અસરકારક હશે તે પણ પ્રશ્ર્ન છે.

લાંબા સમયથી તૈયાર રહેલા પ્રોજેકટસ અને ચાલી રહેલા બાંધકામ વચ્ચે ખાસ છુટછાટનો ઇન્કાર આવી ગયાની વાતથી દોડધામ : પ્લાન મુજબ જ કમ્પલીશન આપવાનો મત : આંદોલન વચ્ચે સ્પષ્ટ વાત

# ‘ફલાવર બેડ’ના નિયમમાં કોઇ છુટછાટ નહીં : સરકારના અભિપ્રાયથી બિલ્ડર લોબી સ્તબ્ધ

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૭

રાજકોટમાં છેલ્લા સાત મહિનાથી જુદા જુદા બિલ્ડીંગના ફલાવર બેડના આગળના એલીવેશન જેવા વધારાના બાંધકામના કારણે કમ્પલીશન સર્ટીફીકેટ આપવાનું સ્થગિત કરી દેવાતા બિલ્ડર લોબી દોડધામમાં પડેલી છે.



તાજેતરમાં ફલાવર બેડ, બાંધકામ પ્લાન, બીયુ, ફાયર એનઓસી સહિતના નિયમોમાં કનડગત સામે વિશાળ રેલી અને સરકારને આવેદનપત્ર પાઠવવાનો કાર્યક્રમ યોજયો હતો ત્યારે સરકારે પ્લાનમાં ન હોય તેવા ફલાવર બેડવાળા કોઈ પણ બિલ્ડીંગને કમ્પલીશન આપવાનું સ્થગિત જ રાખવા અભિપ્રાય મોકલી દીધાનું જાણવા મળ્યું છે.

પૂર્વ મ્યુનિ. કમિશ્નરે આવી ઈમારતોને કમ્પલીશન આપવાની સતત રજુઆતો પરથી સરકારનું માર્ગદર્શન માંગ્યુ હતું. જેમાં ચાર્જ લઈને આવી ઈમારતોને વપરાશ પરવાનગી આપવા ખાસ કિસ્સામાં છુટછાટ અંગે સૂચના આપવા ભલામણ કરાઈ હતી. પરંતુ સરકારે આ પ્રકારે કોઈ ખાસ છુટછાટ આપવા ઈન્કાર કર્યાની વાત બિલ્ડર લોબી સુધી પહોંચી ગઈ છે.આ અંગે આધારભુત સુત્રોમાંથી જાણવા મળેલી વિગત મુજબ મહાનગરમાં દાયકાઓથી કોઈપણ બિલ્ડીંગથી માંડી બંગલાના બાંધકામ પ્લાનમાં ન હોય તે પ્રકારે સ્ટેન્ડીંગ બાલ્કનીથી માંડી બિલ્ડીંગની બહાર બે-ચાર ફુટની જગ્યામાં ફલાવર બેડ ઉભા કરવામાં આવતા હતા. બાલ્કની જેવો આ ભાગ બાદમાં અનેક પ્રોજેકટમાં હોલ કે બેડરૂમમાં જોઈન્ટ કરીને ફલેટનો બાંધકામ એરીયા વધારી દેવામાં આવતો હતો.

કમ્પલીશન બાદ આ બધુ થતું હતું તેનાથી ફલેટ સહિત બિલ્ડીંગનો કારપેટ એરીયા પણ મોટો થઈ જતો હતો. આ બધુ મૌખિક છુટછાટો સાથે ચાલતું હતું. ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ રાજકોટ મનપાએ ટીપીના નિયમો આકરા કર્યા હતા. જીડીસીઆરમાં નિયમ ન હોય તે પ્રકારે કોઈપણ પ્લાનનું બિલ્ડીંગ કમ્પલીશન ન આપવાનું કડક વલણ પૂર્વ કમિશ્નર દેવાંગ દેસાઈએ અપનાવ્યું હતું.

આથી કરોડોની કિંમતના બે ડઝન જેટલા પ્રોજેકટના કમ્પલીશન અટકી ગયા હતા. મોટી બિલ્ડર લોબી અને તે સિવાય રાજકીય નેતાઓથી માંડી ચૂંટાયેલી બોડીએ પણ આ દ્વિધા અંગે સરકારમાં રજૂઆત કરી હતી.

સતત રજૂઆતો બાદ પૂર્વ કમિશ્નરે સરકારને પત્ર લખ્યો હતો. તેમાં આવા જુના પ્લાનના કેસમાં રજુઆત ધ્યાનમાં રાખી ખાસ કિસ્સા તરીકે ફલાવર બેડની વધારાની જગ્યાના બાંધકામનો નિયમ મુજબ ચાર્જ લઈને કમ્પલીશન સર્ટીફીકેટ આપવા અંગે અભિપ્રાય માંગવામાં આવ્યો હતો. લાંબા સમય સુધી આ રજુઆત સરકારમાં રહી હતી.

તે દરમ્યાન તાજેતરમાં બિલ્ડર એસો.એ વિશાળ રેલી કાઢીને કલેકટર મારફત સરકારને ફરિયાદો સાથેનું આવેદનપત્ર પાઠવ્યું હતું. તેમાં ટીપી શાખાના ધીમા વહીવટ, અભિપ્રાયો, પ્લાન કમ્પલીશન સહિતની કામગીરી અંગે પણ ફરિયાદો કરવામાં આવી હતી. દરમ્યાન હવે શહેરી વિકાસ વિભાગે ફલાવર બેડના વિવાદવાળા કોઈ બિલ્ડીંગને ખાસ કિસ્સામાં છુટછાટ આપી કમ્પલીશન દેવાનો અભિપ્રાય આપવા ના પાડી હોવાનું જાણવા મળ્યું છે. સરકારે જીડીસીઆરમાં ન હોય તેવી કોઈ છુટછાટ આપવામાં રસ દાખવ્યો નથી.કારણ કે અમદાવાદ જેવા શહેરોમાં ફલાવર બેડની જગ્યા પ્લાન અંદર જ દર્શાવેલી હોય છે. આ સંજોગોમાં રાજકોટમાં તૈયાર થયેલા દોઢેક ડઝન પ્રોજેકટ અને હાલ ચાલી રહેલા બાંધકામમાં આ ફલાવર બેડના બાંધકામ જાતે તોડવા પડે તેવી નોબત આવી શકે છે!

# તારીખ ૨૪/૧૨/૨૦૨૪(મંગળવાર)ના રોજ સવારે ૯-૦૦ કલાકેથી જિલ્લા કક્ષાનો રોજગાર ભરતીમેળો યોજાશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

મહેસાણા જિલ્લાના રોજગાર વાંચ્છ ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે ખાનગીક્ષેત્રના ૩૦ જેટલા વિવિધ નોકરીદાતાઓ દ્વારા રોજગાર ભરતીમેળાના માધ્યમથી ભરતી કરવા માટે રોજગાર ભરતી મેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, મહેસાણા દ્વારા જી.આઈ.ડી.સી કોમ્યુનિટી હોલ, જી.આઈ.ડી.સી-૧ , પાણીની ટાંકીની પાસે, મોઢેરા ચાર રસ્તા,

**ખાનગીક્ષેત્રના ૩૦ જેટલા વિવિધ નોકરીદાતાઓ દ્વારા રોજગાર ભરતીમેળાના માધ્યમથી ભરતી કરાશે**

મું.પો.તા.મહેસાણા ખાતે કરવામાં આવેલ છે.

જેમાં ધોરણ-૧૦.૧૨/ આઈટીઆઈ, ડિપ્લોમાં ,પાસથી ગ્રેજયુએટ,જી એન. એમ, ન્યુરો,ઓર્થો,એનએસથેશિયા સુધીની લાયકાત ધરાવતા ઉમેદવારોએ રોજગાર ભરતીમેળામાં ભાગ લઈ શકશે. વય મર્યાદા ૧૮ થી ૩૫ની રહેશે. ભરતીમેળો તારીખ ૨૪/૧૨/ ૨૦૨૪(મંગળવાર)ના રોજ સવારે ૯-૦૦ કલાકે થી એમ રોજગાર અધિકારીશ્રી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયુ છે..... હેમ

# ઈશ્વર સદા-સર્વદા એક સ્વરૂપ છે.એને કામ, ક્રોધ, લોભ વગેરેની અસર થતી નથી એ પોતે આનંદરૂપ છે

રાજયમાં આજકાલ મંદિર વિવાદો બહાર આવી રહયા છે ત્યારે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જગત અસત્ય છે, પરમાત્મા સત્ય છે. ભૂત,ભવિષ્ય અને વર્તમાનમાં જે એક સ્વરૂપે રહે તે સત્ય.તેથી વ્યાસજી કહે છે કે, સત્યનું અમે ધ્યાન કરીએ છીએ. તેથી સુખી થવું હોય તો સત્ય પરમાત્મા સાથે પ્રેમ કરો.જગત અસત્ય છે. જગત ના પદાર્થો દુઃખરૂપ છે. વ્યવહારમાં જગત સત્ય જેવું ભાસે છે,પણ તત્ત્વ દૃષ્ટિથી જગત સત્ય નથી. તે જ્ઞાની પુરુષો જગત અનિત્ય છે, અસત્ય છે, માયા છે, માત્ર ભાસ છે, તેમ વારંવાર ચિંતન કરે છે. સ્વપ્નમાંથી જાગ્યા પછી સ્વપ્ન જેમ મિથ્યા લાગે છે, તેમ ભગવાનના સાક્ષાત્કારથી જગત મિથ્યા લાગે છે.ઈશ્વર સદા-સર્વદા એક સ્વરૂપ છે.એને કામ,ક્રોધ, લોભ વગેરેની અસર થતી નથી. એ પોતે આનંદરૂપ છે.

રૂપિયો ખોટો હોય તો તેના ઉપર મોહ થતો નથી તેમ આ ખોટા, અસત્ય જગત ઉપર મોહ ન કરવો મિલનમાં સુખ થાય છે,પણ વિયોગમાં અતિશય દુઃખ થાય છે.માટે વિયોગ અવશ્ય છે એમ સમજી જગતના જીવો ઉપર પ્રેમ ન કરો. અંધારામાં પડેલું દોરડું સર્પરૂપે ભાસે છે,પરંતુ પ્રકાશ આવતાં જ્ઞાન થતાં તેના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થાય છે. તેમ આ સંસાર અસત્ય હોવા છતાં માનવીને અજ્ઞાનને કારણે તે સત્ય હોય એમ ભાસે છે.આ દૃશ્ય જગત અસત્ય છે, ભ્રમ રૂપ છે, ખોટું છે.તેમ છતાં સત્યરૂપ પરમેશ્વરના આધારે તે રહેલું હોવાથી તે સત્ય જેવું ભાસે છે.

રાજાએ ખોટા મોતીનો હાર પહેર્યો હોય,તો પણ તેની પ્રતિષ્ઠાને કારણે લોકો માનશે કે રાજાએ સાચાં મોતીનો હાર પહેર્યો છે. ગરીબ માણસે સાચાં મોતીનો હાર પહેર્યો હોય,તો પણ તેની ગરીબીને કારણે લોકો એમ માનશે કે,તેણે ખોટાં મોતીનો હાર પહેરેલો છે.તે પ્રમાણે જગતરૂપી બનાવટી મોતીની કંઠી પરમાત્મા એ પોતાના ડોકમાં રાખી છે. માટે જગતમાં રહેજો પણ જગતને ખોટું માનીને રહેજો. ભાગવતનો મુખ્ય વિષય કયો?અને ભાગવતનો અધિકારીકોણ? જે



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા

ધર્મમાં બિલકુલ કપટ નથી એ નિષ્કપટ ધર્મએ ભાગવતનો મુખ્ય વિષયછે.મનુષ્ય સત્કર્મનું ફળ ઈચ્છે તો એ ધર્મમાં કપટ છે. નિષ્કામ કર્મમાં દોષ ક્ષમ્ય છે. સકામ કર્મમાં દોષ ક્ષમ્ય નથી. નિષ્કામ કર્મમાં ભૂલ ક્ષમ્ય છે, પરંતુ સકામ કર્મમાં ભૂલ થાય તે ક્ષમ્ય નથી.નારદજીએ વાલ્મીકિ ને રામના મંત્રનો જપ કરવાનું કહ્યું. વાલ્મીકિ ભૂલથી રામને બદલે મરા મરા જપવા લાગ્યા. મરા મરા કહેવાથી પણ આ મંત્રનું ફળ તેઓને મળ્યું. કારણ? તેમાં નિષ્કામ કર્મ છે. અતિ પાપીના મુખમાંથી ભગવાન નું નામ જલ્દી નીકળતું નથી. ભગવાન અંદર આવે તો

પાપને બહાર નીકળવું પડે, એટલે પાપ ભગવાનનું નામ લેવા દેતું નથી. સેવાનું ફળ સેવા છે, મેવા નહીં. માટે મુક્તિની પણ આશા કરવી નહીં. આમ ભગવાનનો મુખ્ય વિષય છે નિષ્કામ ભક્તિ. ભોગ ભોગવવાની ઈચ્છા છે ત્યાં ભક્તિ રહેતી નથી.ભોગ માટે ભક્તિ કરે તેને ભગવાન વહાલા નથી, સંસાર વહાલો છે.ભોગ માટે ભક્તિ નહીં,ભગવાનને માટેભક્તિ કરો. ભકિતનું ફળ ભોગ નથી, ભગવાન છે.

ઠાકોરજી મારું કામ કરે એવો



વિચાર કરે તેને વૈષ્ણવ કેમ કહેવાય?

ભગવાન પાસે કોઈ પુત્ર માગે છે. કોઈ ધન માગે છે.કોઈ સુખ માગે છે. ભગવાન કહે છે, પોતાનું કામ મારા મારફત. વાહ!આ તો એમનું કામ મારી પાસે કરાવવા માગે છે. સાચો વૈષ્ણવ તો કહેશે,મારી આંખ મારી બુદ્ધિ, મારું મન, મારું બધું હું આપને સમર્પણ કરવા આવ્યો છું. વૈષ્ણવો પ્રભુ પાસે મુક્તિ પણ માગતા નથી.મને દર્શન આપો એમ પણ કહેતા નથી. માગવાથી પ્રેમનો ભંગ થાય છે. પ્રેમ ઓછો થાય છે. માટે ભગવાન પાસે કંઈ માગશો નહીં.શ્રીરામચંદ્રજીનો રાજ્યાભિ ષેક થયા પછી તેઓ દરેક વાનરને ભેટ-સોગાદ આપી નવાજેશ કરે છે,પરંતુ હનુમાનજી ને તેઓ કાંઈ આપતા નથી. આ જોઈ સીતાજી કહે,આ હનુમાન જીને પણ કાંઈ આપોને.રામજી કહે, હનુમાનજીને હું શું આપું?હનુમાનજીના ઉપકાર નો બદલો મારાથી વાળી શકાય તેમ નથી. શુદ્ધ પ્રેમમાં લેવાની નહીં, આપવાની ભાવના થાય છે. મોહ ભોગ માગે છે, જ્યારે પ્રેમ ભોગ આપે છે. પ્રેમમાં માગણી ન હોય. પ્રેમમાં માગણી આવી એટલે સાચો પ્રેમ ગયો સમજવો.ભક્તિ માં માગો તે માગેલી વસ્તુ મળશે ખરી,પણ ભગવાન જશે, આપવા વાળો જશે. ભગવાન ગીતામાં કહે છે કે,દેવના ભક્તો દેવની પૂજા કરે છે. તેઓ પણ તેનું ફળ પામે છે ને મારા ભક્તો મને પામે છે.

ભગવાન પાસે જેટલું માગશો તેટલું તે આપશે પણ પ્રભુ પાસે માગશો, તો પ્રેમ ઓછો થશે. વ્યવહારમાં પણ એક મિત્ર બીજા પાસે ન માગે ત્યાં સુધી બે વચ્ચે પ્રેમ રહે છે.ગોપીઓ આંખ શ્રીકૃષ્ણને આપે છે,મન શ્રીકૃષ્ણને આપે છે. કહે છે મારે કાંઈ માગવું નથી.મારું સર્વસ્વ મારે શ્રીકૃષ્ણને આપવું છે. એમ માનો પ્રભુએ મને ઘણું આપ્યું છે. ઠાકોરજીએ ઓછું આપ્યું હોય તો માનવું કે મારા ઠાકોરજી પરિપૂર્ણ છે,પણ મારી લાયકાત નથી એટલે ઓછું આપ્યું છે.

નિષ્કામ ભક્તિ ઉત્તમ છે. વૈષ્ણવો મુક્તિની પણ અપેક્ષા કરતા નથી. હરિના જન તો મુક્તિ ન માગે, જનમોજનમ અવતાર રે. મુક્તિ કરતા ભક્તિમાં અલૌકિક આનંદ છે. ભક્તિમાં જેને આનંદ મળે છે તેને મુક્તિનો આનંદતુચ્છ લાગે છે વૈષ્ણવો માને છે,મુક્તિએ તો મારા ભગવાનની દાસી છે,મારે દાસીનું કામ નથી,ભગવાનનું કામ છે. દાસી કરતાં મારા ભગવાન વધારે છે.

રામકૃષ્ણ પરમહંસને કેન્સર થયેલું શિષ્યા કહે છે કે,માતાજીને કહો. તારો રોગ સારો કરે. રામકૃષ્ણે કહ્યું, મારી માતાને હું મારા માટે તકલીફ નહીં આપું. ભક્તિનો અર્થ એવો નથી કે પોતાના સુખ માટે ઠાકોરજીને પરિશ્રમ આપવો.

માગવાથી સાચી મૈત્રીનું ગૌરવ ટકતું નથી. સાચી મૈત્રી સમજનાર કદી માગતો નથી.સુદામાની ભગવાન પ્રત્યેની મૈત્રી જુઓ. સુદામાની સ્થિતિ ગરીબ હતી. તેમની પત્નીએ તેમને શ્રીકૃષ્ણને ત્યાં માગવા મોકલ્યા. સુદામા ભગવાને મળવા આવ્યા છે. સુદામા માગવા આવ્યા નથી. દ્વારિકાનાથનો તેમણે વૈભવ જોયો પણ સુદામાએ જીભ કચડી નથી. સુદામાને લાગ્યું કે, મારા દુઃખની કથા સંભળાવીશ, તો મારા પ્રભુને દુઃખ થશે. મારાં દુઃખએ મારાં કર્મનું ફળ છે. મારાં દુઃખ માટે પ્રભુને શા સારું દુઃખ કરું? એટલે સુદામાએ ભગવાન પાસે કાંઈ માગ્યું નથી. સુદામાને બસ એક જ ઈચ્છા છે. મારા પૌંવા ભગવાન આરોગે. સુદામા લેવા આવ્યા નથી,તે પોતાનું સર્વસ્વ આપવા આવ્યા છે. ઈશ્વર પહેલાં તમારું સર્વસ્વ લેશે તે પછી પોતાનું સર્વસ્વ આપશે અને જે ઈશ્વરને સર્વસ્વ આપશે તેને ઈશ્વરનું સર્વસ્વ મળશે. જીવ નિષ્કામ બને છે ત્યારે ભગવાન તેની પૂજા કરે છે. ભક્તિ નિષ્કામ હોયતો ભગવાન પોતાના સ્વરૂપનું ભક્તને દાન કરે છે. જીવ જ્યારે જીવપણું છોડી ઈશ્વરના દ્વારે જાય છે,ત્યારે ઈશ્વર પણ ઈશ્વર પણું ભૂલે છે.દસ દિવસના ભૂખ્યા હતા,તો પણ સુદામાએ પોતાનું સર્વસ્વ ભગવાનને આપી દીધું.સુદામાના પૌંવા ભલે મુઠી જેટલા હશે પણ સુદામાનું તે સર્વ સ્વ હતું. પૌંવાની કિંમત ન હતી. સુદામાના પ્રેમની કિંમત હતી. ગોપીઓએ કાંઈ માગ્યું નથી. ગોપી ઓની ભક્તિ નિષ્કામ હતી,એટલે ભગવાન ગોપીઓના ઋણમાં રહ્યા છે.

ગોપી ગીતમાં પણ ગોપીઓ ભગવાનને કહે છે કે, અમે તમારી વગર વેતનની દાસીઓ છીએ. અમે માત્ર તમારી નિષ્કામ સેવા કરી જાણીએ.કુરુક્ષેત્રમાં શ્રીકૃષ્ણ તેમજ ગોપી ઓ મળે છે, ત્યારે પણ ગોપીઓ શ્રીકૃષ્ણ પાસે કાંઈ માગતી નથી, ફક્ત એટલું જ કહે છે કે,સંસાર ના કૂવામાં પડેલા તમારા ચરણનો આશરો લે તો તરી જાય છે તેમ અમે ઘરમાં રહી એ તોયે અમારા મનમાં તમારા ચરણનું સ્મરણ રહો એક ગોપી ઉદ્ધવજીને કહે છે, ઉદ્ધવ તું કોનો સંદેશો લઈને આવ્યો છે? શ્રીકૃષ્ણનો?તે તો અહીં જ છે! શ્રીકૃષ્ણ મથુરા ગયા જ નથી. મારા ઠાકોરજી હંમેશાં મારી સાથે છે.ચોવીસ કલાક અમારો અને તેનો નિત્ય સંયોગ છે.

ગોપીઓનો પ્રેમ યુદ્ધ છે. ગોપીઓ જ્યારે ઠાકોરજીનું સ્મરણ કરે છે, ત્યારે ઠાકોરજીને પ્રગટ થવું પડે છે. ગોપીઓની નિષ્કામ ભક્તિ એવી છે કે, તે ભગવાનને ખેંચી લાવે છે.ભગવાન પોતે જ ઉદ્ધવને કહે છે કે,મારી ગોપીઓ મારામય ચિત્ત વાળી છે. ઠાકોરજીને નિત્ય સાથે રાખશો, તો જ્યાં જશો ત્યાં ભક્તિ કરી શકશો.તેથી તો તુકા રામ કહે છે કે,ભલે મને ભોજન ન મળે પણ ચોવીસ કલાકમાં એક ક્ષણ પણ પ્રભુ,હે વિઠ્ઠલનાથ,મને તમારાથી અલગ ન કરશો.

ગોપીઓનો આદર્શ આંખ સમક્ષ રાખી ભગવાનની ભક્તિ કરો. સુદામાની નિષ્કામ ભક્તિ યાદ રહે તેવી ભક્તિ કરો.ભક્તિ નિષ્કામ હશે તો ભગવાન પોતાનું સ્વરૂપ આપી દેશે, અને તેથી જ નિષ્કામ ભક્તિએ ભાગવતનો મુખ્ય વિષય છે.નિષ્કામ ભક્તિ શ્રેષ્ઠ છે.ગોપી ઓનો શ્રીકૃષ્ણ પ્રત્યેનો પ્રેમએ નિષ્કામ ભક્તિનું ઉદાહરણ છે. ગોપીઓને મુક્તિની પણ ઈચ્છા ન હતી.શ્રીકૃષ્ણનું સુખ એ જ મારું સુખ એવો પ્રેમનો આદર્શ ગોપીઓનો હતો. એક સખીએ ઉદ્ધવને સંદેશો આપ્યો છે કે,શ્રી કૃષ્ણ વિયોગમાં અમારી દશા કેવી છે તે તો તમે જોયું છે. હવે મથુરા ગયા પછી શ્રીકૃષ્ણને કહેજો કે,આપ મથુરા માં આનંદમાં બિરાજતા હો તો અમારા સુખ માટે વ્રજમાં આવવાનો પરિશ્રમ કરશો નહીં. અમારો પ્રેમ જાતે સુખી થવા માટે નહીં,પરંતુ શ્રી કૃષ્ણને સુખી કરવા માટે છે.શ્રીકૃષ્ણના વિયોગમાં અમે દુઃખી છીએ,વિલાપ કરીએ છીએ પરંતુ અમારા વિના જો મથુરામાં સુખી હોય તો ભલે ત્યાં જ સુખી રહે.અમારા સુખ માટે તેમણેઅહીં આવવાની જરૂરનથી પરંતુ જો તેમને પોતાના સુખ માટે અત્રે આવવું હોય તો ભલે આવે !

વાચક ચાહક મિત્રો,૨૦૨૪નું વર્ષ અંતિમ તબક્કા તરફ ચાલી રહયું છે.હવે વર્ષની વિદાય અને નવા વર્ષના વધામણાંની તૈયારીઓ શરૂ થવાની છે ત્યારે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં અહીં અટકીએ અસ્તુ.

## ૨૩ સેવાઓથી શરૂ થયેલા સેવા સેતુ કાર્યક્રમમાં હાલમાં કુલ ૫૫ જેટલી સેવાઓથી નાગરિકો લાભાન્વિત

# ‘સેવા સેતુ’ કાર્યક્રમના કુલ ૧૦ તબક્કામાં ૩.૦૭ કરોડથી વધુ લાભાર્થીઓને લાભ અપાયો : ૯૯.૮૯ ટકા અરજીનો નિકાલ




(ગરવી તાકાત) મહેસાણા તા.૧૭

‘સુશાસન’નું ઉત્તમ ઉદાહરણ એટલે ગુજરાતના ગ્રામીણ અને શેહરી વિસ્તારોમાં યોજવામાં આવતો ‘સેવા સેતુ’ કાર્યક્રમ. રાજ્યમાં સેવા સેતુ કાર્યક્રમના અત્યાર સુધી યોજયેલા કુલ ૧૦ તબક્કામાં અંદાજે ૩.૦૭ કરોડથી વધુ લાભાર્થીઓને લાભ આપીને સરકાર ‘આપણા દ્વારે’ મંત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કર્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સુશાસનની પરિપાટિ પર ગુજરાતમાં વર્ષ ૨૦૧૬થી ‘સેવા સેતુ કાર્યક્રમ’ શરૂ કરવામાં આવ્યો હતો. જેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સફળતાપૂર્વક આગળ ધપાવી રહ્યા છે. આ કાર્યક્રમ અંતર્ગત રાજય સરકાર દ્વારા નાગરિકોના ઘર આંગણે જ વિવિધ પ્રકારની લોકોપયોગી યોજનાઓનો લાભ આપવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬માં માત્ર ૨૩ સેવાઓથી શરૂ કરેલા આ કાર્યક્રમમાં હાલ ૧૩ જેટલા વિભાગની યોજનાઓનો સમાવેશ કરીને કુલ ૫૫ જેટલી સેવાઓનો લાભ છેવાડા નાગરિકો સુધી પહોચાડવામાં આવી રહ્યો છે.

સેવા સેતુ કાર્યક્રમના કુલ ૧૦ તબક્કામાં ૩,૦૭,૬૩,૯૫૩ અરજીઓ મળી હતી, જે પૈકી ૩,૦૭,૩૦,૬૫૯ અરજીઓ એટલે કે, ૯૯.૮૯ ટકા અરજીઓનો સફળતાપૂર્વક નિકાલ કરવામાં આવ્યો છે. રાજ્યમાં ગત તા. ૩૧ ઓક્ટોબર ૨૦૨૪ એ સેવા સેતુ કાર્યક્રમનો ૧૦મો તબક્કો પૂર્ણ થયો છે. જેમાં ગ્રામીણ વિસ્તારમાં તાલુકા દીઠ ૦૩ કાર્યક્રમ અને શહેરી વિસ્તારમાં મહાનગરપાલિકા તેમજ નગરપાલિકા દીઠ ૦૨-૦૨ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડિસેમ્બર ૨૦૨૩ થી જાન્યુઆરી ૨૦૨૪ સુધીમાં યોજાયેલ ૦૯ તબક્કામાં ગ્રામીણ અને શેહરીકક્ષાએ મળેલી ૧૦૦ ટકા અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે, જે રાજયના સુશાસનમાં યશકલગી સમાન છે.


સેવા સેતુ કાર્યક્રમમાં કુલ ૫૫ સેવાઓનો ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં સમાવેશ કરાયો છે. જેમાં સામાન્ય વહિવટ વિભાગ, નાણા, મહેસૂલ, શ્રમ અને રોજગાર, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો, આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, બંદરો અને વાહન વ્યવહાર, સામાજિક ન્યાય અને અધિકારીતા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, ઉદ્યોગ અને ખાણ, પ્રવાસન, મહિલા અને બાળવિકાસ વિભાગ જેવા વિવિધ વિભાગોની કુલ ૫૫ સેવાઓનો લાભ લાભાર્થીઓને સ્થળ પર જ આપવામાં આવે છે.

### સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અપાતી મુખ્ય સુવિધા- યોજનાઓ

**સેવા સેતુ કાર્યક્રમમાં ઘર આંગણે ૧૮ વર્ષથી ઓછી વયજૂથના રહીશો માટે આધાર નોંધણી, આધાર કાર્ડમાં સુધારા (અપડેશન), રાશન કાર્ડમાં ફેરફાર, રેશનકાર્ડ ધારકોની e-KYC, જાતિ પ્રમાણપત્ર, કુંવરબાઈનું મામેરૂ સહાય યોજના, દિવ્યાંગતા પ્રમાણપત્ર, પી.એમ.જે.મા (અરજી), મેડીકલ ઓફિસર દ્વારા ઉંમરનો દાખલો, જન્મ-મરણના અને ભ્રમ નોંધણી પ્રમાણપત્ર. ઉપરાંત આધાર કાર્ડ, મોબાઈલ નંબરનું બેંક એકાઉન્ટ સાથે જોડાણ, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ, પ્રધાનમંત્રી સુરક્ષા વિમા, અટલ પેન્શન યોજના, વ્યવસાય વેરા (અરજી), સાતબાર/આઠ-અ’ના પ્રમાણપત્રો આપવામાં આવે છે. આ ઉપરાંત આવકનો દાખલો, નોન ક્રીમીલેયર, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, દિવ્યાંગ માટે બસ કન્સેશન પાસ, UDID કાર્ડનું રજીસ્ટ્રેશન, સમાજ કલ્યાણ અનુસૂચિત જાતિની સેવાઓની અરજી, પ્રોપર્ટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, પ્રધાનમંત્રી આવાસ યોજના, વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર વ્યવસાય વેરો તેમજ વિધવા સહાય વગેરેની સેવાઓનો નાગરિકોને લાભ આપાય છે.ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપાઈનો જન્મ દિવસ એટલે કે તા. ૨૫મી ડિસેમ્બરને દર વર્ષે દેશભરમાં ‘સુશાસન દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે. તેમની યાદમાં ગુજરાત સહિત સમગ્ર દેશમાં આગામી તા. ૧૯ થી ૨૫ ડિસેમ્બર સુધી ‘સુશાસન સપ્તાહ’ની ઉજવણી કરવામાં આવશે.**

# સુઇગામ વિસ્તારમાં ચોરીનું બાઇક વેચવા આવનાર ત્રણ ઈસમો ઝડપાયા, ૬ બાઇકની ચોરીની કબૂલાત

### ડીસા વિસ્તારમાંથી ૬ બાઇક ચોરી સુઇગામ વિસ્તારમાં વેંચતા,પોલીસે ૫ બાઇક કી. રૂ.૧,૫૦,૦૦૦/-કબજે લીધા, ત્રણેય ઈસમો જેલ હવાલે






(ગરવી તાકાત) સૂઈગામ તા.૧૭

બનાવની પ્રાપ્ત હકીકત મુજબ સુઈગામ પો.સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ એચ.એમ.પટેલ પોલીસ સ્ટાફના સાથે મિલકત સંબંધી બનતા ગુના અટકાવવા સારું સુઈગામ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા,દરમ્યાન ચોરી કે છલકપટથી મેળવેલ બજાજ પ્લેટીના કંપનીનું એક બાઈક વેચવા ત્રણ ઈસમો આવતા હોવાની ખાનગી બાતમી હકીકત મળતા પોલીસે તપાસ કરતા વર્ણન મુજબના બાઈક સાથે (૧.)દીનેશપુરી શિવપુરી ખેતપુરી ગૌસ્વામી ઉ.વ.૩૩.રહે, સોનેથ, તા.સુઈગામ, (૨) સાગરપુરી ઈન્દ્રપુરી રતનપુરી ગૌસ્વામી ઉ.વ.૨૭, રહે ભોપાનગર બાવાવાસ,ડીસા, તેમજ (૩) મદનગીરી કૈલાશગીરી રીંછગીરી ગૌસ્વામી ઉ.વ.૨૭,રહે.ભોપાનગર બાવાવાસ, ડીસાને ઝડપી લીધા હતા,અને આ બાઈક ક્યાંથી લાવ્યું તેની પૂછતાછ કરતા ડીસા શહેર વિસ્તારમાંથી ચોરી કરેલ હોવાની કબૂલાત કરતા અન્ય ૫ બાઈકો પણ ચોરી કરેલ અને તેનું સુઈગામના સોનેથ ગામમાં વેચાણ કરેલ હોવાની હકીકત કબૂલાત કરતા પોલીસે કુલ ૫ બાઈકો કી. રૂ.૧,૫૦,૦૦૦/- કબજે લઈ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ક.૧૦૬ મુજબ તપાસ અર્થે કબજે લઈ પકડાયેલ ત્રણેય ઈસમો વિરુદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા ૨૦૨૩ની ક.૩૫(૧)ઈ મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી,અત્રે ઉલ્લેખનીય છે, કે છેલ્લા કેટલાય સમયથી જિલ્લામાં વાહન ચોરીના બનાવોમાં વધારો થયો છે,ત્યારે સુઈગામ પોલીસની સતર્કતાથી ચોર ટોળકી ચોરાયેલ બાઈક સાથે રંગેહાથ ઝડપાઈ જતાં આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

### માય ભારત નહેરુ યુવા કેન્દ્ર - મહેસાણા દ્વારા ફીટ ઇન્ડિયા અંતર્ગત મહેસાણા જિલ્લામાં સાયકલ રેલી યોજાઈ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૭

માય ભારત નહેરુ યુવા કેન્દ્ર -મહેસાણા દ્વારા વી.આર. કર્વે પ્રોગ્રેસીવ હાઈસ્કૂલ તથા સિદ્ધાર્થ હાઈ સ્કુલ - મહેસાણા ખાતે આજરોજ ફીટ ઈન્ડિયા અંતર્ગત સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વી.આર. કર્વે પ્રોગ્રેસીવ હાઈસ્કૂલના પ્રિન્સીપાલશ્રી સંજયભાઈ પટેલ તથા શ્રી પ્રકાશભાઈ ગોસ્વામી તેમજ સિદ્ધાર્થ હાઈસ્કુલના પ્રિન્સીપાલશ્રી પ્રભાકર તેમજ જિલ્લા યોગ ટ્રેનર શ્રી કે. વી. સુતરીયા તથા શ્રી જયંતીભાઈ ચાવડા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ ફિટ ઈન્ડિયા સાયકલ રેલીનો ઉદ્દેશ્ય યુવાનોમાં શારીરિક ક્ષમતા કેળવાય તે હતો.તમામ પ્રતિભાગી ઓને સ્અ મ્રટ્રિ્ટ ઝર્ટ્ટે વિતરણ કરવામાં આવ્યું હતું. આ સંપૂર્ણ કાર્યક્રમમાં જિલ્લાના યુવા કાર્યકરોનો સહયોગ મળેલ હતો.આમ આ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

#### કાંકરેજ તાલુકામાં નવ કરોડ ઉપરનાં વિકાસનાં કામોનુ આયોજન ન થતા

### ધારાસભ્ય અમૃતજી ઠાકોરની આગેવાની હેઠળ મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીને આવેદન આપી રજૂઆત

(ગરવી તાકાત) કાંકરેજ તા.૧૭

જે આવેદન પત્ર માં.કાંકરેજ તાલુકાના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકાર દ્વારા વિવિધ યોજના હેઠળ દરેક તાલુકાને વસ્તી નાં ધોરણે ગ્રાન્ટ ફાળવવા માં આવતી હોય છે જે વર્ષ ૨૦૨૪/૨૦૨૫ નાં વર્ષની નવ કરોડ પચીસ લાખ રૂપિયા ની ગ્રાન્ટ ફાળવવા માં આવેલ છે પરંતુ સરકારના કહ્યાગરા અધિકારી ઓ દ્વારા ભેદભાવ અને કિન્નાખોરી રાખી સદર ગ્રાન્ટ નુ આયોજન આજ દિન સુધી આયોજન કરેલ નથી અને આયોજન કરવા સારું જિલ્લાના પ્રભારી જિલ્લા કલેકટર એસ ડી એમ તેમજ તાલુકા વિકાસ અધિકારી ને મોખીક તેમજ લેખિત માં રજુઆત કરવામાં આવેલ છતાં આયોજન કરવામાં આવેલ નથી અને સરકારના કહ્યાગરા વહીવટી અધિકારીઓને ક્યો ગ્રહ નડી રહ્યો છે જેથી કરી આયોજન ન કરી પ્રજા



ની પીડામાં વધારો કરી પ્રજા ને વિકાસ થી વંચિત રાખી રહ્યા છે અને પ્રજાનો દ્રોહ કરી રહ્યા છે જેથી સત્વરે તાલુકાનું આયોજન કરવામાં આવે અને કાંકરેજ તાલુકા નો વિકાસ થાય તેમ આવેદન પત્ર માં જણાવેલ આવેદન આપતી વખતે કાંકરેજ ધારાસભ્ય અમૃત્તજી ઠાકોર કોંગ્રેસ તાલુકા પ્રમુખ ગોપાળશિહ સોલંકી ભુપતજી પૂર્વ પ્રમુખ જિલ્લા પંચાયત. હેમુભાઈ જોષી. શંકરજી માંડલા. પૂરણસિંહ વાઘેલા. બાલાજી ઠાકોર.તેમજ કોંગ્રેસ નાં કાર્યકરો હોદેદારો સરપંચો મોટી સંખ્યામાં,ઉપસ્થીત રહેલ અને આયોજન સત્વરે કરવા નહિ આવેતો આગામી દિવસોમાં લડત આપવા .માં આવશે તેમ ધારાસભ્ય અમરતજી ઠાકોર જણાવેલ હતું.

## આ દરમિયાન યંગ ઈન્ડિયાના બોલ કાર્યક્રમનો વીડિયો અને પોસ્ટર પણ લોન્ચ કરવામાં આવ્યું હતું

# પ્રદેશ યુથ કોંગ્રેસ દ્વારા રાજીવ ભવન ખાતે યુથ કોંગ્રેસનો રાષ્ટ્રીય પ્રોગ્રામ ‘યંગ ઇન્ડિયા બોલ’ સિઝન-૫ લોન્ચ કરવામાં આવ્યું હતું



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૭

ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના મહામંત્રી ડૉ. પ્રવીણસિંહ વણોલ જણાવ્યું હતું કે,ભાજપે બેરોજગારી દૂર કરવા દર વર્ષે ૨ કરોડ નોકરીઓ આપવાનું વચન આપ્યું હતું, પરંતુ વાસ્તવિકતા એ છે કે છેલ્લા દાયકામાં મોદી સરકાર ૨૦૧૪માં સત્તામાં આવી ત્યારથી, નોકરી માટે અરજી કરનારા ઉમેદવારોમાંથી માત્ર ૦.૩%ને જ સરકારી નોકરી મળી છે. એટલે કે, દર ૧,૦૦૦ અરજદારોમાંથી માત્ર ૩ લોકોને જ કાયમી સરકારી નોકરી મળી હતી.

તેમણે વધુમાં કહ્યું કે, ‘૨૦૨૨માં રાજ્ય મંત્રી જીતેન્દ્ર સિંહે સંસદમાં સ્વીકાર્યું હતું કે ૨૦૧૪થી સરકારને મળેલી ૨૨ કરોડ અરજીઓમાંથી માત્ર ૨૨,૩૧૧ ઉમેદવારોની નિમણૂક કરવામાં આવી હતી. આ નિવેદન સ્પષ્ટ કરે છે કે મોદી સરકાર દર વર્ષે ૨ કરોડ નોકરીઓનું સર્જન કરવાના પોતાના વચનને પૂર્ણ કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે. ૨૨ કરોડ અરજીઓની સંખ્યા દેશમાં રોજગારની નબળી સ્થિતિ દર્શાવે છે.

યંગ ઈન્ડિયાના બોલ કાર્યક્રમ વિશે બોલતા, યુથ કોંગ્રેસના પ્રદેશ મહામંત્રી ડૉ. પ્રવીણસિંહ વણોલ કહ્યું કે, આ ભયાનક ઘટનાઓએ ભારતીય યુવા કોંગ્રેસને ભાજપ સરકાર સામેના સંઘર્ષમાં સામેલ કરવા માટે પ્રેરણા આપી છે. આ વિચાર હેઠળ ‘યંગ ઈન્ડિયા કે બોલ‘ નામનો પ્રવક્તા શોધ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. આ વર્ષે ‘યંગ ઈન્ડિયા કે બોલ’ ની સિઝન-૫ મુખ્ય મુદ્દાઓ ડ્રગની સમસ્યા અને બેરોજગારીનો સમસ્યાનું નિરાકરણ લાવવા ભાજપ સરકારની સંપૂર્ણ નિષ્ફળ ગઈ છે. આ કાર્યક્રમ ભારતીય યુવા કોંગ્રેસના રાષ્ટ્રીય અભિયાન ‘નૌકરી દો, નશા નહીં‘ સાથે સુસંગત છે, જેનો ઉદ્દેશ્ય યુવાનો, વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકો, પાયાના કાર્યકરો અને રાજકીય ઉત્સાહીઓને તેમનો અવાજ ઉઠાવવા અને આ બેજવાબદાર અભિવ્યક્તિનો વિરોધ કરવા માટે એક મંચ પૂરો પાડવાનો છે. તમારા મંતવ્યો સરકારને જણાવો.‘ તેમણે કહ્યું, ‘આ સ્પર્ધા માટેની અરજી પ્રક્રિયા ૧૫ ડિસેમ્બર, ૨૦૨૪થી 'With IYC એપ‘ દ્વારા શરૂ થશે. રસ ધરાવતા સહભાગીઓએ આ બંને મુદ્દાઓ પર તેમના વિડિયો સબમિટ કરવાના રહેશે. આ કાર્યક્રમના સહભાગીઓને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે આમંત્રિત કરવામાં આવશે, અને તેમને ભારતીય યુવા કોંગ્રેસના રાજ્ય અને રાષ્ટ્રીય પ્રવકતા બનવાની અનન્ય તક પૂરી પાડવામાં આવશે. તે જ સમયે, તેઓને સંબંધિત મુદ્દાઓ પર પક્ષના વિચારો વ્યક્ત કરવાની તક પણ મળશે, અંતમાં, તેમણે દેશના યુવાનોને અપીલ કરી કે, ‘બધાને આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાગ લેવા આહવાન કરવામાં આવે છે. બેરોજગારી ઘટાડવામાં સરકાર અને તેમને ડ્રગની સમસ્યાને નિયંત્રિત કરવા માટે અસરકારક પગલાં લેવા દબાણ કરે છે. તમારો અવાજ ઉઠાવવાની અને પરિવર્તનનો ભાગ બનવાની આ એક સુવર્ણ તક છે.

‘યંગ ઈન્ડિયા કે બોલ’ ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના મહામંત્રી મુકેશ આંજણાએ જણાવ્યું હતું કે, એ દેશભરના યુવાનો માટે તેમના વિચારો વ્યક્ત કરવા અને અમારી સાથે જોડાવા માટેનું પ્લેટફોર્મ છે. આ મંચમાં યુવાનો બેરોજગારી સામે પોતાના મંતવ્યો રજૂ કરશે. આજે દેશના યુવાનો પાસે રોજગાર નથી. સ્થિતિ એવી છે કે ‍ૈં-સ્ના વિદ્યાર્થીઓને પણ રોજગાર નથી મળી રહ્યો. તેમણે એમ પણ કહ્યું કે ભારત વિશ્વનો સૌથી યુવા દેશ છે. ૫૫% વસ્તી યુવાનો છે, વિશ્વનો દરેક પાંચમો યુવા ભારતીય છે. ભારત ક્યારેય આટલું જુવાન નહોતું. આટલી યુવા વસ્તી, શિક્ષિત લોકો, પરંતુ વાસ્તવિકતા શું છે? એક કલાકમાં બે યુવાનો આત્મહત્યા કરી રહ્યા છે. યુવાનોની આત્મહત્યાએ ખેડૂત આત્મહત્યાના દરને પણ વટાવી દીધો છે. તે કેટલું દુ:ખદાયક છે કે આત્મહત્યાનો દર વસ્તી વૃદ્ધિ કરતાં આગળ નીકળી ગયો છે. એક ષડયંત્ર હેઠળ આ યુવાનોને નશામાં ધકેલવામાં આવી રહ્યા છે. યુવક હોશમાં હશે તો નોકરી માંગશે. તેથી તેને નશામાં ધકેલી દેવાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે. તેમણે દેશના યુવાનોને અપીલ કરતા કહ્યું કે તેઓ પોતાનો જીવ ન ગુમાવે. તમે જે કરી શકો તે કરો, યુથ કોંગ્રેસ ખુલ્લા દિલે તમારા માટે પ્રતિબદ્ધ છે.

આ દરમિયાન યંગ ઈન્ડિયાના બોલ કાર્યક્રમનો વીડિયો અને પોસ્ટર પણ લોન્ચ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમદાવાદ શહેર યુવા કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ ઈમરાન શેઠજી ઉપસ્થિત રહ્યાં.

## સંક્ષિપ્ત સમાચાર



AAM-વડોસણ,મીઠા PHC ના આરોગ્ય કેન્દ્ર કર્મચારીઓ શ્રી નિકુંજભાઈ ગોસ્વામી અને ગોપીકાબેન પટેલ દ્વારા TB COMPLAIN-100 DAY વિશે ગ્રામજનોએ TB પ્રોગ્રામ વિશે અને સમજ આપી અને ક્ષય શિબિર યોજવામાં આવી જેમાં ગામના આગેવાન શ્રી ઠાકોર અંબારામજી-જિલ્લા સદસ્ય શ્રી, તલાટી શ્રી,આશાબેનો અને ગ્રામજનો હજાર રહ્યા હતા. જેમાં xray,TB ના લક્ષણો અને નાશ કરવા સર્વે કામગીરી વિશે સમજ આપવામાં આવી હતી.

### દૈયપ ઢાણી પ્રા. શાળાના શિક્ષિકાબેનનો વિદાયમાન સન્માન કાર્યક્રમ યોજાયો



(ગરવી તાકાત) વાવ તા.૧૭

દૈયપ ઢાણી પ્રા. શાળા,તા.- વાવ મા ફરજ બજાવતા શ્રીમતી અનામિકાબહેન નિનામા ની બદલી થતા શાળા પરિવાર અને ગ્રામજનો દ્વારા વિદાયમાન સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ. કાર્યક્રમમાં દૈયપ સેન્ટરના શિક્ષકશ્રીઓ , ગ્રામજનો ઉપસ્થિત રહી બેનને સન્માનપત્ર, ભેટ અને સ્મૃતિચિહ્ન આપી ૧૫ વર્ષ સુધી આપેલ સેવાને બિરદાવી. બેન દ્વારા તમામ બાળકોને તિથિ ભોજન આપવામાં આવ્યું. આમંત્રિત મહેમાનો, ગ્રામજનો અને શાળા પરિવાર દ્વારા બેનને શુભેચ્છાઓ પાઠવી.

### માય ભારત નહેરુ યુવા કેન્દ્ર મહેસાણા દ્વારા ઊંઝા ખાતે ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૭

નેહરુ યુવા કેન્દ્ર (માય ભારત) મહેસાણા દ્વારા ૧૯૭૧ વિજય દિવસની ઉજવણી કરવામાં આવેલ. ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય અંતર્ગત માય ભારત નહેરુ યુવા કેન્દ્ર મહેસાણા દ્વારા ગતરોજ શ્રી નીલકંઠ પટેલ વિદ્યાલય , તાલુકો ઊંઝા ખાતે ચિત્ર સ્પર્ધા યોજવામાં આવેલ હતી

આ કાર્યક્રમમાં હાઈસ્કૂલના પ્રિન્સિપાલ શ્રી યોગેશભાઈ પટેલ તેમજ સ્ટાફ તેમજ નહેરુ યુવા કેન્દ્રના રાષ્ટ્રીય યુવા કાર્યકર કોમલ રાવળ આ કાર્યક્રમમાં ઉપસ્થિત થયેલ હતા

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિજય દિવસ એમ માત્ર યુવાનો માટે પ્રેરણા સ્રોત છે જેમાં યુવાનોએ પોતાની રાષ્ટ્રીય ફરજ અને જવાબદારી સમજવી જોઈએ અને આજના યુવાનો રાષ્ટ્ર માટે પ્રેરણા સ્રોત બની રહે તે માટે જાગૃતિ ફેલાવવાનો સંકલ્પ છે તે અંગેનું યુવાનોને માર્ગદર્શન આપવામાં આવેલ હતું . આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઊંઝા તાલુકાના યુવા કાર્યકર કોમલ રાવળએ કરેલ હતું.....હેમ

### વડનગર તાલુકાના સિપોર અને ખટાસણા ગામે પ્રાકૃતિક ખેતી ક્લસ્ટર બેઝ તાલીમ યોજાઇ હતી

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૭

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અંતર્ગત વડનગર તાલુકાના સિપોર અને ખટાસણા ગામે પ્રાકૃતિક ખેતી ક્લસ્ટર બેઝ તાલીમ યોજાઈ હતી. જેમાં પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરીને ખેડૂતોને બીજામૃત, જીવામૃત તેમજ આંતરપાકો પદ્ધતિ વિશે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું એમ નવાપુરા -સુલતાનપુરાના ગ્રામસેવક નરેંદ્રભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતુ .

પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અંતર્ગત ટેકનિકલ માસ્ટર ટ્રેનર અને ફાર્મર માસ્ટર ટ્રેનર દ્વારા લોકોને ખાતાની યોજના ,પીએમ કિસાન સમ્માન નિધિ યોજના, ઘન જીવા મૃત, જીવામૃત , બીજા મૃત, પ્રાકૃતિક ખેતી ના ફાયદા અને તેનાથી આરોગ્ય પર શુ અસર થાય છે તેની અંગેની માહિતી આપ વામા આવી હતી રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના પ્રાકૃતિક કૃષિના વેગને ધ્યાનમાં લઈને લોકો વધારેમાં વધારે પ્રાકૃતિક ખેતી કરતા થાય તે માટે સમગ્ર રાજ્યની સાથે મહેસાણા જિલ્લામાં પણ પ્રયત્નો થઈ રહ્યા છે.પ..હેમ

Volume : 10 Issue : 256 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002